**<u>રેગ્યુલર દિ.મુ.નં: ૭૬/૨૦૨૨.</u>**

## <u>આંક–૫ લગત હુકમ</u>

**(૧)** હાલની અરજી વાદીએ સીપીસી ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ મુજબની મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલી છે અને દાવાનો સમન્સ તથા નોટિસ પ્રતિવાદી નં: ૧ થી ૧૩ નાઓને બજતા માત્ર પ્રતિવાદી નં: ૮,૧૦,૧૨ તથા ૧૩નાઓ પોતાના વકીલ મારફતે હાજર થયેલ છે અને આંક–૧૯ થી પોતાનો જવાબ રજૂ કરેલ છે. અને તે સાથે આંક–૨૦ થી દસ્તાવેજી પુરાવો પણ રજૂ કરવામાં આવેલ છે, તેમજ વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૭ અને ૯ તથા ૧૧ તરફે કોઇ હાજર થયેલ નથી કે કોઇ જવાબ પણ આપવામાં આવેલ નથી.

**(૨)** સદર કામે વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી એન એસ હળપતીની મૌખિક દલીલો સાંભળી, તેમજ આંક–૨૯ થી લેખિત દલીલ પણ રજૂ કરવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદી નં: ૮,૧૦,૧૨ તથા ૧૩ તરફે વિધ્વાન વકીલ શ્રી કે કે પટેલ નાઓની મૌખિક દલીલ સાંભળી તેમજ આંક: ૩૨ થી લેખીત દલીલો પણ રજુ કરવામાં આવેલ છે અને ત્યારબાદ હાલની અરજી હુકમ માટે લેવામાં આવેલ છે.

**(૩)** ઉપરોક્ત અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા કરવામાં આવેલ છે.

### <u>મુદ્દાઃ–</u>

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે.?

(૨) શું સગવડતા અગવડતા વાદીની તરફેણમાં છે.?

(૩) શું વાદીને માંગ્યા મુજબનું મનાઈ હુકમ આપવામાં આવે તો નાણાંની ભરપાઈ ન થઈ શકે તેમ છે નુકસાન થવાની શક્યતા છે.?

(૪) શું આખરી હુકમ.?

**(૪)** ઉપરોક્ત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**(૫)** ઉપરોક્ત મુદ્દાઓનું મારો નિર્ણય નીચે મુજબ છે.

### <u>કારણો</u>

**(૬)** મુદ્દા નં.૧ થી ૩ અને ઉપરોક્ત ત્રણે મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી સમય સમય બચાવવા માટે તેની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૭)** સદર કામે વાદીની મનાઈ હુકમની અરજીમાં મુખ્યત્વે રજૂઆત એવી છે કે, વાદી અને

પ્રતિવાદીઓના મુળ પુરુષ સ્વ.મોરારભાઇ મકનભાઇ, સ્વ. દેવાભાઇ વલ્લભાઇ અને સ્વ. નારણભાઇ ભાણાભાઇનાઓ છે અને અરજીમાં જણાવેલ જમીનો વાદી અને પ્રતિવાદીઓના સયુંકત નામે ચાલે છે. તેમજ પ્રતિવાદીઓ આશરે ૨૨ વર્ષ ઉપરાંતથી ખેતીકામ કરીને પાકનો તુલ મેળવે છે અને વધુમાં, તેઓ અન્ય મિલકતો પણ વસાવતા રહેલા છે. તેમજ હાલના પ્રતિવાદીઓ વાદીને ખેતી કરવા દેતા નથી અને તેઓનો હક્ક હિસ્સો હોવા છતાં તેઓને ખેતી કરીને ઉપજ લેવા દેતા નથી. વધુમાં, કબ્જા અંગે પ્રતિવાદીઓ સાથે વાતો ચાલે છે પરંતુ પ્રતિવાદીઓ તેનો ઉડાવ જવાબ આપે છે અને કાર્યવાહિ કરવામાં કોઇ સાથ સહકાર આપતા નથી તેમજ વાદીના નામે સદર જમીન કાનુની રીતે કરવા માટે કાર્યવાહી કરવી અતિ આવશ્યક છે અને હાલના પ્રતિવાદીઓ સદર જમીન અન્ય ઇસમોને વેચાણ,ગીરો તથા બક્ષીસ કરવાની પેરવી કરી રહેલા છે તેવાં સંજોગોમાં વાદીને ઘણું જ મોટું નુકશાન થાય તેમ છે. જેથી વાદીનું પ્રથમ દર્શનીય કેસ છે અને મનાઇ હુકમ ન આપવાથી નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે અને સગવળ અગવડ ની સમતુલાનુ પલુ પણ વાદીની તરફેણમાં છે તેવા સંજોગોમાં હાલની મનાઇ હુકમની અરજી મંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

પ્રતિવાદીઓ તથા વાદીઓના મુળ પુરૂષ જે તે સમયે સ્થળ ઉપર જમીનમાં વહેંચણ કરી દિધેલી હતી તે જ રીતે પ્રતિવાદીના મુળ પુરુષ ખેતી કામકાજ કરતા આવેલા તે જ રીતે પ્રતિવાદીઓ ખેતી કામકાજ કરતા આવેલ છે. મોજે વડોલી, તા. બારડોલી, જી. સુરત ખાતે આવેલ બ્લોક નં. ૫૭૯ વાળી જે જમીન છે મુળ જમીન બ્લોક નં. ૪૫૧ માંથી હે. ૦–૧૬–૧૬ ચો,મી વાળી જગ્યા છુટી પડીને બ્લોક નં. ૫૭૯ બનેલ છે અને તેમાં વાદી તથા પ્રતિવાદીઓના રહેવાના ઘર આવેલા છે. તેમા પણ મોટા હિસ્સામાં એટલ કે આશરે ૮ ગુંઠા જમીનમાં પ્રતિવાદી નં. ૧ થી ૭ તથા અને ૯ ના રહેવાના ઘરો આવેલ છે. ત્યારબાદ થોડો હિસ્સોમાં આશરે ૩ ગુંઠા જેટલી જમીનમાં પ્રતિવાદી નં. ૮,૧૦,૧૨,૧૩ નાઓનું રહેવાનું ઘર તથા વાડા વાપરવાની જગ્યા આવેલી, ત્યારબાદ બાકી રહેતી જગ્યામાં એટલે કે આશરે ૫ ગુંઠા જમીનમાં વાદીનું ઘર આવેલ તેમજ વાડા વાપર જગ્યા આવેલી છે.

બ્લોક નં. ૫૨૭ વાળી જમીનમાં જવા માટે વાદીના રહેવાના ઘર પાસે જતા તરત જ બ્લોક નં. ૫૨૭ વાળી જમીનમાં જવાય છે. અને બ્લોક નં. ૫૨૭ વાળી જમીનમાં પહોંચતા જમણા હાથ એક બંધુયુ અને ડાબા હાથે ત્રણ બંધીયા જમીન વાદીના હિસ્સામાં ચાલી આવેલ છે. અને હાલમાં તે ચારે બંધીયા પડતર પડી રહેલ વાદી તેમાં કોઇ ખેતી કામ કરતા નથી. કારણ કે વાદીના વારસદારો તથા વાદી પોતે મુંબઇ મુકામે રહે છે. સ્થળ ઉપર તેમના હિસ્સે આવેલ જમીન કોઇને ખેડવા પણ આપતા નથી.

વધુ બ્લોક નં. ૫૨૭ વાદી હિસ્સે જે જમીન આવેલ છે ત્યારબાદ તે વાદીના હિસ્સા પાછળના ભાગે પ્રતિવાદી નં. ૮,૧૦,૧૧,૧૩ ના ભાગમી જમીન આવેલ છે. હાલમાં વાદીના હિસ્સે જેટલી જમીન આવેલ તે જમીનમાંથી પ્રતિવાદીઓને ખેતી કામ કરવા વાદી અવર જવર પણ કરવા

દેતા નથી અને પ્રતિવાદીઓની શેરડીની કાપણી થતી નથી અને વાદીના કબજામાં જેટલી જમીન આવેલ છે તે ઉપર તેમને પારા બાંધવામાં આવેલા છે. તેમજ વાદી પોતેજ એમ કહે છે કે તેમને ખેતી કરવા દેતા નથી અને ઉપજ માંથી હક્ક હિસ્સો આપતા નથી તેવા કિસ્સામાં મનાઇ હુકમ આપી શકાય નહી અને પ્રતિવાદી વાદીની જમીનમાં ખેતી કરીને ઉપજ મેળવતા હોય તે હકિકત તદ્દન ખોટી છે ખરેખર તો વાદી પોતે જ ખેતી કરીને ઉપજ મેળવે છે તેમજ વધુમાં, વાદીએ દાવાના કામે જાણી બુજીને કોર્ટ કમીશનર નિમેલા નથી અને પંચનામું પણ કરાવેલું નથી જો પંચનામુ કરાવેલ હોત તો ખરી હકિકત નામદારકોર્ટના રેકર્ડ ઉપર આવીજત વધુમાં વાદી તથા તેમનો પરીવાર મુંબઇ ખાતે રહે છે અને વાદી પોતેજ એકલાજ મોજે, વડોલી ગામે રહે છે. તેમજ વાદીને ખેતી કરવાની આવડત ન હોવાથી તેમના કબજામાં જેટલી જમીન છે તે પડતર પળી રહેલ છે અને સદર જમીન બીજા સહ માલિકો પોતાના હિસ્સામાં ખેતી કામ કરતા આવેલા છે. તેમજ વધુમાં, બ્લોક નં. ૫૭૯ વાળી જમીનમાં વાદી તથા પ્રતિવાદીના રહેવાના ઘર આવેલા છે એટલે તેમાં જમીનમાં કોણી પાસે કેટલો કબજો છે તે નક્કી થયા બાદ બ્લોક નં. ૫૨૭, ૪૫૦વાળી જમીની માપણી કરાવયા બાદ આવા જવાનું રસ્તાની જમીન કાઢી સરખે હિસ્સે વહેંચણી કરવા અમો વાદી અને પ્રતિવાદિ તૈયાર છીએ તેવાં સંજોગોમાં હાલની મનાઇ હુકમની અરજી નામંજૂર કરવા નમ્ર અરજ છે તેમજ જ્યારે જમીનનો કબજો કો–ઓનર પાસે હોય ત્યારે મેન્ડેટરી મનાઇ હુકમ આપી શકાય નહી. તેમજ પ્રતિવાદીએ નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૮ એ.આઇ.આર પેજ નં. ૨૧,૫૨ ઉપર આધાર રાખેલ છે.

(૮) સદર કામે બંન્નેપક્ષોની દલિલો તથા વાદીઓ તરફે આંક–૨૯ થી લેખિત દલિલો ધ્યાને લીધા તેમજ મનાઇ અરજીની હકિકતો તથા પ્રતિવાદીનં ૮,૧૦,૧૨,૧૩ તરફે આંક–૧૯ વાળો જવાબ તથા આંકઃ ૩૨ વાળી લેખીત દલીલો વંચાણે લેતા વાદિ તથા પ્રતિવાદીઓના મુળ પુરુષ સ્વ.મોરારભાઇ મકનભાઇ, સ્વ. દેવાભાઇ વલ્લભાઇ અને સ્વ. નારણભાઇ ભાણાભાઇનાઓ છે અને અરજીમાં જણાવેલ જમીનો વાદી અને પ્રતિવાદીઓના સયુંકત નામે ચાલે છે પરતું સદર હકિકત માટે વાદી દ્વારા કોઇ પણ પેઢી નામું કે વારસાઇ આંબો રજુ કરવામાં આવેલ નથી અને માત્ર રેવેન્યુ રેકર્ડ રજુ કરવામાં આવેલ છે અને વાદીના જ કથન મુજબ પ્રતિવાદીઓનો કબજો છે અને તેમાં ખેતી કરીને ઉપજ મેળવે છે અને વધુંમાં વાદી પોતે કબજો ધરાવે છે તે બાબતનો કોઇ પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને પ્રતિવાદીઓ સદર જમીનો અન્ય ઇસમોને વેચાણ,ગીરો તથા બક્ષીસ કરવાની પેરવી કરી રહેલા છે તે બાબત જણાવે છે પરંતુ કોઇ પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સદર કામે વાદીનો કેસ પ્રથમ દશનીર્ય નથી કારણકે વાદી પોતે જ જણાવે છે કે જમીનો કબજો પ્રતિવાદીઓનો છે અને તેઓ તેમાંથી ખેતી કરીને ઉપજ મેળવે છે અને માનાઇ હુકમ આપવાથી વાદીને કોઇ નુકશાન થાય તેમ નથી કારણે વાદીએ કોઇ પણ પેઢીનામું રજુ કરેલ નથી. વધુમાં માનાઇ હુકમ ન આપવાથી વાદીને કોઇ નુકશાન થાય તેમ નથી.તેમજ સગવડ અગવડનુ પલ્લુ પણ વાદીની તરફેણમાં નથી કારણકે વાદી અને પ્રતિવાદીઓ બન્ને અલગ અલગ જમીનનો

કબજો ધરાવે છે અને તે હકિકત પુરાવો લીધા બાદ જ નકકી થઇ શકે તેમ છે અને બેલેન્સ કન્વીનયસ પણ વાદીની તરફેણમાં નથી અને મુદ્દા નં. ૧ થી ૩ નો નિર્ણય નકારમાં ઠરાવું છું.

## **-::હુકમ::-**

**(૧)** હાલની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૨૧ મી, માહે ઓગસ્ટ, સને-૨૦૨૫ ના ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મુકામ - બારડોલી
તાઃ ૨૧/૦૮/૨૦૨૫

**જે.એલ.પરમાર**
**એડી સીવીલ જજ,બારડોલી.**
**(કોડ-જીજે ૦૧૪૪૧)**